ખેડૂતોના હિતમાં તંત્રનો સંવેદનશીલ નિર્ણય | વરસાદ ખેંચાતા સુકાતા ધરૂવાડિયાને મળશે નવજીવન

# આણંદ-ખેડાની ૨ લાખ હેક્ટર જમીનની તરસ છીપાવવા વણાકબોરીથી વહેલું પાણી છોડાયું

**નિર્ધારિત** સમય કરતાં ૮ દિવસ અગાઉ નહેરોમાં પાણીની આવક શરૂ



### ક્યાંથી પાણી છોડાયું: વણાકબોરી વિયર

**અગાઉની નિર્ધારિત તારીખ:** ૭ જુલાઈ, ૨૦૨૬
**નવી અમલી તારીખ:** ૨૯ જૂન, ૨૦૨૬
**કુલ લાભાર્થી વિસ્તાર:** ૨ લાખ હેક્ટરથી વધુ
**મુખ્ય હેતુ:** સુકાતા ધરૂવાડિયા અને ખરીફ પાકને બચાવવો

(પ્રતિનિધિ) આણંદ તા.૧

આણંદ અને ખેડા જિલ્લામાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાને કારણે ખેતીના પાક પર જોખમ ઊભું થયું હતું અને ખેડૂતોના ધરૂવાડિયા સુકાઈ રહ્યા હતા. ખેડૂતોની આ ગંભીર મુશ્કેલી અને રજૂઆતોને ધ્યાને રાખીને મહી સિંચાઈ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ અને ત્વરિત નિર્ણય લેવામાં આવ્યો છે.

સિંચાઈ સલાહકાર સમિતિ દ્વારા અગાઉ ૭મી જુલાઈ ૨૦૨૬થી પાણી છોડવાનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ ખેતી બચાવવા માટે તંત્રએ ૮ દિવસ વહેલું એટલે કે ૨૯ જૂન ૨૦૨૬થી જ વણાકબોરી વિયર ખાતેથી નહેરોમાં પાણી છોડવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

આણંદ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરની યાદી મુજબ, મહી જમણા કાંઠા નહેર યોજના અંતર્ગત લેવાયેલા આ નિર્ણયથી બંને જિલ્લાના અંદાજે ૨ લાખ હેક્ટરથી વધુ ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો સીધો લાભ મળશે. આ ત્વરિત કાર્યવાહીને પરિણામે સુકાઈ રહેલા પાકને બચાવી શકાશે, જે કૃષિ ઉત્પાદન માટે મોટી રાહત સાબિત થશે.

ખરીફ સિઝનના પાકને રક્ષણ

ચરોતરમાં વરસાદના અભાવે ખેડૂતોમાં ચિંતા વ્યાપેલી હતી, પરંતુ સમયસર પાણી ઉપલબ્ધ થતાં હવે ખરીફ સિઝનનો પાક સારી રીતે લઈ શકાશે. મહી સિંચાઈ વિભાગની આ ત્વરિત કામગીરીને કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

### વડતાલ ધામમાં જેઠ સુદ પૂનમે દેવોને ભવ્ય 'કેસર અભિષેક' કરાયો



સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ ખાતે જેઠ સુદ પૂનમને સોમવારના રોજ નિજ મંદિરમાં બિરાજતા દેવોને શાસ્ત્રોક્ત વિધિ મુજબ કેસર અભિષેક કરવામાં આવ્યો હતો. અખાત્રીજથી શરૂ થયેલા ૪૦ દિવસીય ચંદન ઉત્સવના સમાપન અવસરે યોજાયેલા આ દિવ્ય દર્શનનો લાભ લેવા દેશ-વિદેશના હજારો હરિભક્તો ઉમટી પડ્યા હતા. મંદિરના માજી ટ્રસ્ટી પ્રદીપભાઈ બારોટના યજમાનપદે આયોજિત આ પ્રસંગે મંગળા આરતી બાદ બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદજી, પ્રભાનંદજી તથા અન્ય ભૂદેવો દ્વારા દેવો પર કેસરની વર્ષા કરવામાં આવી હતી. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ૧૯ એપ્રિલ (અખાત્રીજ) થી દેવોને ચંદનના અવનવા વાઘા ધરાવવામાં આવતા હતા, જેનો આજે પૂર્ણાહુતિ રૂપે અભિષેક કરાયો છે. મુખ્ય કોઠારી દેવપ્રકાશ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર આયોજન સંપન્ન થયું હતું.

# પ્રાથમિક શાળાઓનો સમય સવારનો જ રાખવા માંગ

**બપોરની** શાળાથી ભૂલકાઓના સ્વાસ્થ્ય પર જોખમની ભીતિ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧

રાજ્યમાં ૧લી જુલાઈથી પ્રાથમિક શાળાઓનો સમય બપોરનો કરવાનો નિર્ણય લેવાયો છે, પરંતુ હાલમાં પ્રવર્તી રહેલી અસહ્ય ગરમી અને ભારે બફારાને ધ્યાને રાખીને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આ સમય સવારનો જ રાખવા માંગ કરવામાં આવી છે.

આ અંગે મહાસંઘના પ્રદેશ અધ્યક્ષ અનિરુધ્ધસિંહ સોલંકી અને મહામંત્રી પરેશભાઈ પટેલે શિક્ષણ નિયામકને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, પ્રતિકૂળ હવામાનમાં નાના બાળકોને બપોરના સમયે શાળાએ આવવા-જવામાં ભારે હાલાકી પડી શકે છે અને તેઓ લૂ અથવા માંદગીનો ભોગ બની શકે છે. લુણાવાડા જેવા વિસ્તારોમાં વરસાદ ખેંચાવાને કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે અને અનિયમિત વીજ પુરવઠાને કારણે વર્ગખંડોમાં પણ મુશ્કેલીઓ વધી છે.

તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બિરેન પટેલે પણ બાળકોના હિતમાં વહેલી સવારની શાળા ચાલુ રાખવા તંત્રને અપીલ કરી છે. શૈક્ષિક મહાસંઘની માંગ છે કે જ્યાં સુધી ચોમાસું સંપૂર્ણપણે જામી ન જાય ત્યાં સુધી અથવા ઓછામાં ઓછા આગામી એક અઠવાડિયા સુધી શાળાઓનો સમય સવારનો જ યથાવત રાખવામાં આવે. આ બાબતે વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે પણ રજૂઆત કરી શિક્ષણ વિભાગ પાસે હકારાત્મક નિર્ણયની અપેક્ષા રાખવામાં આવી છે.

મુખ્યમંત્રીએ ઉદઘાટન કરેલા બ્રિજમાં વારંવાર પોપડા અને તિરાડોથી હજારો યાત્રાળુઓના જીવ જોખમમાં મુકાયાં

# ડાકોરમાં ૭૩ કરોડના બ્રિજને ૪ વર્ષમાં ૫૦ વાર થીંગડા છતાં હાલત બદતર

**કામમાં બેદરકારી** દાખવતાં કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની ઉગ્ર માંગ



(પ્રતિનિધિ) ડાકોર તા.૧

યાત્રાધામ ડાકોરમાં ભ્રષ્ટાચારનો જીવતો જાગતો નમૂનો સામે આવ્યો છે. અંદાજે ૭૩.૨૮ કરોડથી વધુના ખર્ચે બનેલો ઓવરબ્રિજ લોકાર્પણના માત્ર ૪ વર્ષમાં જ જર્જરિત હાલતમાં પહોંચી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે, આ ટૂંકા ગાળામાં જ બ્રિજ પર 50થી વધુ વખત સમારકામ કરવામાં આવ્યું હોવા છતાં, ફરીથી ગાબડાં અને પોપડા પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે, જે માર્ગ અને મકાન વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કરે છે.

આ બ્રિજનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું, તે પ્રોજેક્ટની અવધિ ૧૩/૦૯/૨૦૨૪ સુધીની હોવા છતાં અત્યાર સુધીમાં અનેકવાર મરમ્મતની કામગીરી હાથ ધરવી પડી છે. હાલમાં સવારના સુમારે ફરી એકવાર બ્રિજના ઉપરના ભાગેથી પોપડો પડવાની ઘટના બની હતી, જેના પગલે તાકીદે સમારકામ શરૂ કરાયું હતું. સ્થાનિકોનો આક્ષેપ છે કે, આ બ્રિજમાં હલકી કક્ષાની સામગ્રી વપરાઈ હોવાથી ક્યારેક એક્સપેન્શન જોઈન્ટમાં તિરાડો પડે છે તો ક્યારેક રસ્તાઓ ફાટી જાય છે.

આ બ્રિજ મામલે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની નિરસતા અને મિલીભગતના કારણે ભ્રષ્ટાચારનો આ ખેલ ચાલી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો સમય રહેતા બ્રિજની યોગ્ય ટેકનિકલ તપાસ નહીં કરવામાં આવે, તો આવનારા સમયમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે તેવી ભીતિ સેવાઈ રહી છે.

### યાત્રાળુઓ માટે 'મોતનો ગાળિયો' બનતો બ્રિજ

ડાકોર જેવા યાત્રાધામમાં રોજ હજારો શ્રદ્ધાળુઓ ઉમટે છે. બ્રિજની નીચેથી પસાર થતા યાત્રાળુઓ પર જો ઉપરથી પોપડો પડે અને કોઈ મોટી હોનારત સર્જાય તો તેની જવાબદારી કોણ લેશે?. માંગલ્ય બિલ્ડકોન નામની કંપની દ્વારા આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેની નબળી કામગીરીને લઈને ડાકોરની જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો હવે આ કંપનીને બ્લેકલિસ્ટ કરી કડક તપાસની માંગ કરી રહ્યા છે.

# કડાણામાં ગૌવંશ કતલખાને લઈ જતાં ૨ શખસ પકડાયાં

**ડીટવાસ પોલીસે** પકડેલા ડાલામાં પાંચ બળદ ક્રુરતાપૂર્વક બાંધેલા હતાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧

કડાણા તાલુકાના ગોધર ત્રણ રસ્તા પાસે ડીટવાસ પોલીસે રાજસ્થાનથી કતલખાને લઈ જવાઈ રહેલા પાંચ બળદોને ક્રૂરતાના ભરડામાંથી મુક્ત કરાવી બે શખ્સોની ધરપકડ કરી છે.

ડીટવાસ પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, એક વાહનમાં પશુઓને ગેરકાયદેસર રીતે લઈ જવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ગોધર ત્રણ રસ્તા પાસે નાકાબંધી અને વોચ ગોઠવી હતી. આ તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા એક સફેદ કલરના મહિન્દ્રા પીકઅપ ડાલાને અટકાવતા તેમાંથી કાળી તાડપત્રી હેઠળ ખીચોખીચ ભરેલા પાંચ બળદો મળી આવ્યા હતા.

આ બળદોને ઘાસચારા કે પાણીની કોઈ જ વ્યવસ્થા વગર, ગળા અને પગે ટૂંકા દોરડાથી અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધવામાં આવ્યા હતા. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ પશુઓને રાજસ્થાનના પુનાવાડા ગામથી કતલ કરવાના ઈરાદે ઘાસવાડા તરફ લઈ જવાઈ રહ્યા હતા. પોલીસે વાહન અને પશુઓ મળી કુલ રૂ. ૩.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આકાશ રઘુનાથ શેલકે (ઉ.વ. ૨૪, રહે. વસઈ, જિ. ઔરંગાબાદ) અને પ્રથમેશ સુભાષ ભોંબે (ઉ.વ. ૨૨, રહે. આડગાવ, જિ. જાલના) ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની સરદાર વલ્લભભાઇ પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં વાલી સંમેલન યોજાયું

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત વાલી મિટિંગનું સફળ આયોજન થયું હતું. વર્ગશિક્ષકોએ વાલીઓને નવી પરીક્ષા પદ્ધતિ, અભ્યાસ અને ગૃહકાર્ય જેવી પાયાની બાબતો વિશે વિગતવાર માહિતી આપી હતી. આચાર્યા ભારતીબેન પટેલે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગી ઘડતર અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે ૧૫૦ જેટલા વાલીઓએ ઉત્સાહભેર હાજર રહી શાળા પ્રશાસનને બહુમૂલ્ય સહયોગ આપ્યો હતો.



### આણંદની ચરોતર ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં 'નો બેગ ડે'ની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તણાવમુક્ત શિક્ષણ માટે 'નો બેગ ડે'નું વિશેષ આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓએ દફતર વગર શાળાએ આવી ચિત્રકલા, સંગીત, વાર્તાકથન અને રમત-ગમત જેવી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય કાર્તિકકુમાર પટેલે જણાવ્યું કે આવા પ્રયોગો વિદ્યાર્થીઓને પુસ્તકિયા જ્ઞાનથી પરે જઈ પ્રાયોગિક જ્ઞાન અને વ્યક્તિત્વ ઘડતરની ઉત્તમ તક પૂરી પાડે છે. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે તમામ વિદ્યાર્થી અને સ્ટાફને શુભેચ્છા પાઠવી હતી.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સીવીએમ યુનિવર્સિટીની MBIT કોલેજમાં 'એજન્ટિક AI અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ' પર નેશનલ એફડીપી સંપન્ન



**આણંદ** | સીવીએમ યુનિવર્સિટી સંચાલિત MBIT ખાતે IBM અને એડ્યુનેટના સહયોગથી એજન્ટિક AI, સાયબર સિક્યુરીટી અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ પર પાંચ દિવસીય રાષ્ટ્રીય સ્તરના એફડીપીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરની વિવિધ સંસ્થાઓમાંથી ૨૦૦થી વધુ શિક્ષકો અને સંશોધકોએ IBM Watsonx.ai અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવી અદ્યતન ટેક્નોલોજી અંગે પ્રાયોગિક તાલીમ મેળવી હતી. પ્રોવોસ્ટ ડો. ઇંદ્રજિત પટેલે શિક્ષણમાં અદ્યતન ટેક્નોલોજીના મહત્વ પર ભાર મૂકી શિક્ષકોને વિદ્યાર્થીઓને વૈશ્વિક પડકારો માટે તૈયાર કરવા અનુરોધ કર્યો હતો.

### બાકોર ખાતે વાપી-કાલીયાકુવા નવીન એસ.ટી. બસ સેવાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો

**ખાનપુર** | ખાનપુરના બાકોર કંટ્રોલ પોઈન્ટ ખાતે વડ સાવિત્રીના પાવન દિને દક્ષિણ અને મધ્ય ગુજરાતને જોડતી વાપી-કાલીયાકુવા નવીન બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ બસ વાપીથી રાત્રે ૮:૦૦ કલાકે ઉપડી સવારે ૬:૪૫ કલાકે કાલીયાકુવા પહોંચશે, જે રોજગાર અર્થે વસતા લોકોની વર્ષો જૂની માંગ સંતોષશે. બાકોર સરપંચ અને જિલ્લા સદસ્ય સહિતના મહાનુભાવોની હાજરીમાં ડ્રાઈવર-કંડક્ટરનું કુમકુમ તિલક અને ફૂલહારથી ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. વિભાગીય નિયામક અને વાપી ડેપો મેનેજરના સંનિષ્ઠ પ્રયત્નોથી શરૂ થયેલી આ સુવિધા બદલ ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.



### વલ્લભ વિદ્યાનગર ખાતે હેલન કેલર જન્મજયંતિ નિમિત્તે 'જીવન સંદેશ ક્વિઝ'નું આયોજન કરાયું

**આણંદ** | વલ્લભ વિદ્યાનગરમાં સેતુ ટ્રસ્ટ, સીવીએમ (NSS) અને સરદાર પટેલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે હેલન કેલર જન્મજયંતિ નિમિત્તે પ્રેરણાદાયી ક્વિઝ કોમ્પિટિશન યોજાઈ હતી. સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં ૩૧ વિદ્યાર્થીઓએ હેલન કેલરના જીવન અને દિવ્યાંગતા વિષયક જ્ઞાનનું ઉત્સાહભેર પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા બનેલ જાનવી ઝાલા, તુલસી ભરવાડ અને રોહિણી રાઠવાને મહાનુભાવોના હસ્તે રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે રાઇટર તરીકે સેવા આપનાર યુવાનોનું પણ વિશેષ સન્માન કરાયું હતું.



### આણંદ શહેરની સરદાર પટેલ બાલશાળા ખાતે હેલ્થ ચેકઅપ અને રસીકરણ કેમ્પ યોજાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર પટેલ બાલશાળામાં અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી આરોગ્ય તપાસ અને રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. ડો. રવિન્દ્ર શાહ અને તેમની ટીમ દ્વારા અંદાજે ૧૨૦ વિદ્યાર્થીઓની પ્રાથમિક સ્વાસ્થ્ય તપાસ કરી ટી.ડી.ની રસી આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને ડાયરેક્ટર મહેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને આરોગ્ય પ્રત્યે જાગ્રત રહેવા સંદેશ આપ્યો હતો. શાળાના શિક્ષકો અને આરોગ્ય ટીમે જહેમત ઉઠાવી છે.



### લુણાવાડાની સજ્જન કુવરબા હાઇસ્કુલમાં ભવ્ય 'શાળા પ્રવેશોત્સવ'ની ઉજવણી કરવામાં આવી

**લુણાવાડા** | લુણાવાડા કેળવણી મંડળ સંચાલિત સજ્જન કુવરબા હાઇસ્કુલમાં નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓના ઉત્સાહવર્ધન માટે 'શાળા પ્રવેશોત્સવ' હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે મહીસાગર જિલ્લા પંચાયત ભાજપ પ્રમુખ કલ્પનાબેન પુવાર અને સંસ્થાના પ્રમુખ મુનેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવા પ્રવેશીત ભૂલકાઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરી તેમને મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



### આણંદ કૃષિ યુનિ. દ્વારા ખાંધા કેન્દ્ર ખાતે તાલીમ અને કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા ખેડૂતોના કલ્યાણ માટે તાલીમ અને નિદર્શન કીટ વિતરણના કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને ખેતીની આધુનિક પદ્ધતિઓ વિશે તજજ્ઞો દ્વારા વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. તાલીમ બાદ ઉપસ્થિત તમામ ખેડૂતોને ખેતીમાં ઉપયોગી એવી નિદર્શન કીટનું પણ નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક ટેકનોલોજીથી માહિતગાર કરી ખેતી ક્ષેત્રે સમૃદ્ધ બનાવવાનો રહ્યો હતો.

### ખેડાના પૌરાણિક સોમનાથ મહાદેવ મંદિરે દર મંગળવારે સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું



**ખેડા** | ખેડાના વાત્રક નદી કિનારે આવેલા સોમનાથ મહાદેવ ખાતે સુંદરકાંડ પરિવાર દ્વારા છેલ્લા ૬ મહિનાથી દર મંગળવારે ભક્તિમય કાર્યક્રમ યોજાય છે. રાત્રે શરૂ થતા આ સુંદરકાંડમાં શહેરના વડીલો, યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઈને દાદાના ચરણોમાં શીશ ઝુકાવે છે. આ શ્રદ્ધાળુઓ સુંદરકાંડની સાથે હનુમાનજીની ચોપાઈ, હનુમાન ચાલીસા અને આરતીના ગાન દ્વારા રામભક્તિમાં લીન થાય છે. આ પૌરાણિક મંદિરમાં ભક્તો દ્વારા કરવામાં આવતા આ સુંદર આયોજનથી સમગ્ર વાતાવરણ ધર્મમય બની જાય છે.

### વીરપુરના ડેભારીમાં નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પમાં તપાસ અને વિનામૂલ્યે ઓપરેશન કરાયાં



**વીરપુર** | મહીસાગરના વિરપુર તાલુકાના ડેભારી ગામે જલારામ સેવા ટ્રસ્ટ હોસ્પિટલ દ્વારા આયોજિત કેમ્પમાં ૨૦૦ જેટલા દર્દીઓએ આંખની તપાસ કરાવી હતી. ડો. બામણીયાની ટીમ દ્વારા ૧૬ દર્દીઓના વિનામૂલ્યે સફળ ઓપરેશન કરવામાં આવ્યા અને ૨૪ દર્દીઓને વધુ સારવાર માટે દાખલ કરાયા હતા. સ્થાનિક આગેવાનોના સહયોગથી ૧૫૨ દર્દીઓને રાહત દરે ચશ્માં અને ૪૦ દર્દીઓને જરૂરી દવાઓ તથા ટીપાંનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. દર્દીઓ માટે મફત વાહન વ્યવસ્થા પૂરી પાડી ગામજનોએ માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને ચરિતાર્થ કરવા બદલ હોસ્પિટલનો આભાર માન્યો હતો.

સમરસ ગ્રામ પંચાયત સંધાણા
જાહેર નિવિદા
આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, મોજે ગામ સંધાણા તા. માતર ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર- સંધાણા-૩ જર્જરીત આંગણવાડીના કાટમાળની હરાજી તા. ૦૮-૦૭-૨૦૨૬ના બુધવારે બપોરે ૧-૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી સંધાણામાં રાખેલ છે. હરાજીની તમામ શરતો સ્થળપર વાંચી સંભળાવવામાં આવશે. જર્જરીત આંગણવાડી કેન્દ્રની અપસેટ કિંમત રૂા. ૪૮૩૦/- (અંકે રૂપિયા ચાર હજાર આઠસો ત્રીસ રૂપિયા પુરા).
ગ્રામ સભા તા. ૦૫-૦૬-૨૦૨૬ના ઠરાવ નં. ૨૭ મુજબ
તલાટી કમ મંત્રી, સંધાણા ગ્રામ પંચાયત, તા. માતર જી. ખેડા
સરપંચશ્રી, સંધાણા ગ્રામ પંચાયત, તા. માતર જી. ખેડા.